# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮૧૧૦

**BSMA Syllabus અંતર્ગત અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના સેમેસ્ટર એન્ડ પરીક્ષામાં ગ્રેડની ગણતરી બાબત..**

વંચાણે લીધા: તા.૦૪/૦૭/૨૦૨૩ના રોજ વિદ્યાપરિષદની ૬૦મી બેઠકની કાર્યનોધના મુદ્દા નં. ૬૦.૨૧

## -: જાહેરનામું :-

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની તા.૦૪/૦૭/૨૦૨૩ના રોજ મળેલ વિદ્યાપરિષદની ૬૦મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૬૦.૨૧થી નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે BSMA Syllabus શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી અનુસ્નાતક કક્ષાએ અમલમાં છે, જે અંતર્ગત અનુસ્નાતક વિષયોમાં ગ્રેડની ગણતરીમાં ડેસીમલ પછી ૦.૦૦૫ કે તેથી વધુ હોય તો જ તેની બે દશાંશ સુધીની સંખ્યા ફાઇનલ ગ્રેડમાં દર્શાવવાની રહેશે. ઉદાહરણ તરીકે ૬.૪૫૫ થી ૬.૪૫૯ સુધીના ગ્રેડને ૬.૪૬ તરીકે અને ૬.૪૫૧ થી ૬.૪૫૪ સુધીના ગ્રેડને ૬.૪૫ તરીકે દર્શાવવાના રહેશે. બોર્ડ ઓફ પોસ્ટ ગ્રેજયુએટ સ્ટડીઝની ૨૧મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૨૧.૩થી વિદ્યાપરિષદને મંજૂરી અર્થે ભલામણ ગ્રાહ્ય રાખી વિદ્યાપરિષદ દ્વારા કાર્યોત્તર મંજૂરી આપવામાં આવે છે."

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/પીજીટી/ ૩૪૩૭-૪૩ /૨૦૨૩
તા. ૧૫/૦૭/૨૦૨૩

કુલસચિવ

નકલ સવિનય રવાના :-
૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૨. આ યુનિવર્સિટીના તમામ આચાર્યશ્રીઓ તરફ.
૩. વિદ્યાપરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ.
૪. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ.
૫. સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર તરફ જાણ સારૂં.

નકલ રવાના:-
૧. આ વિભાગની તમામ શાખાઓ તરફ.
૨. એકેડેમીક શાખા તરફ જાણ સારૂં. (૧૦ નકલમાં).